# રૂડા
# મનુષ્યોના
# અંતિમ
# ઉદ્‌ગારો

# રૂડા મનુષ્યોના
# અંતિમ ઉદ્‌ગારો

ભોગીલાલ ગિ. શેઠ

પ્રકાશક :

શ્રેયસ પ્રચારક સભાના ટ્રસ્ટીઓ વતી,
**શ્રી એ. એમ. મહેતા**
૩૫, મોરબી હાઉસ, ગોવા સ્ટ્રીટ, ફોર્ટ
**મુંબઈ - ૪૦૦ ૦૦૧**

: પ્રાપ્તિસ્થાન :

શ્રેયસ પ્રચારક સભા
મોરવી હાઉસ, ત્રીજે માળે
ફલેટ નાં. ૩૫,
ગોવા સ્ટ્રીટ, ફોર્ટ, મુબઈ- ૪૦૦ ૦૦૧
ફોન. : ૨૨૬૧ ૨૪૫૪.

**જયંતિલાલ ત્રિકમલાલ સંઘવી**
૫૦/બી. સ્થા. જૈન સોસાયટી
નારણપુરા રોડ, વાડજ
**અમદાવાદ**
૩૮૦૦૧૩

*

**જેંતીભાઈ ભીમાણી**
**પ્રકાશ જ્વેલર્સ**
નવા નાકા રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૧
ફોન ન. ૨૪૧૭૫
પ્રત - ૨૦૦૦

ઈ. સ. ૧૯૮૫
વિ. સં. ૨૦૪૧

મુદ્રણસ્થાન
વિજય એન. શેઠ
૬, પુનાજી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
ધોબીઘાટ, દૂધેશ્વર રોડ, અમદાવાદ

## આત્મસિદ્ધિ માટેનાં ત્રણ નિમિત્ત કારણો

અહો સત્પુરુષનાં વચનામૃત, મુદ્રા અને સત્સમાગમ !

સુષુપ્ત ચેતનને જાગૃત કરનાર, પડતી વૃત્તિને સ્થિર રાખનાર, દર્શનમાત્રથી પણ નિર્દોષ અપૂર્વ સ્વભાવને પ્રેરક, સ્વરૂપપ્રતીતિ, અપ્રમત્ત સંયમ અને પૂર્ણ-વિતરાગ નિર્વિકલ્પ સ્વભાવનાં કારણભૂત; છેલ્લે અયોગી સ્વભાવ પ્રગટ કરી અનંત અવ્યાબાધ સ્વરૂપમાં સ્થિતિ કરાવનાર ! ત્રિકાળ જયવંત વર્તો ! ૐ શાંતિ: શાંતિઃ શાંતિ:

શ્રીમદ્ રાજચંદ્ર

સંતના સંગ, વચન અને દૃષ્ટિમાં અદ્‌ભુત આકર્ષણ રહ્યું છે. એક વાર ક્ષણભર પણ જો પ્રાણી સંતના સમાગમમાં આવે તો તેનું જીવન પુણ્યમય બની જાય છે. એક વાર જેનું હૃદય સંતના શબ્દબાણથી ઘાયલ થાય, તો તે પરમાત્મરસનું આસ્વાદન કરવા સમર્થ બને છે, સંતની દૃષ્ટિ જો કોઈના ઉપર પળભર માત્ર પડે તો તેના સાંસારિક બંધન તૂટી જાય છે.

શ્રી રામલાલજી

## આત્મા જ પરમાત્મા છે.

હે આત્મા, તમે જ પરમાત્મા છો. પરમાત્મા પોતાની અંદર જ વ્યાપ્ત છે. તમે અહંથી જેટલા દૂર જશો તેટલા જ પરમાત્મ-સ્વરૂપ આત્મા તમને નજીક દેખાશે.

મરણપર્યંત આત્મવિચાર કરતા રહેવા છતાં પણ જો કોઈને આત્મસાક્ષાત્કાર ન થાય તો બીજા જન્મમાં પ્રતિબંધનો ક્ષય થતાં તેને સાક્ષાત્કાર થશે જ.

**સ્વામી વિદ્યારણ્ય**

## આત્મજ્ઞાન જ સર્વ શ્રેષ્ઠ પ્રકાશ છે.

આત્મામાં લીન રહેવું એ પરમ પવિત્ર તીર્થમય-ઈશ્વરમય-આત્મામય-આત્મારામ બની રહેવું એ જ પરમ સુખ છે.

**યોગિની લલ્લેશ્વરી**

## આત્મજ્ઞાનથી જ સર્વ સિદ્ધિ છે.

આત્મજ્ઞાન જ વિવિધ તાપને બાળનાર પરમ શીતળ જળ છે. આત્મજ્ઞાન જ, આત્માનુભૂતિ જ પરિપૂર્ણ અને શાશ્વત શાંતિને દેનાર રામબાણ ઔષધ છે. તેના બળ થકી આત્મવિશુદ્ધિ અને આત્મસિદ્ધિ સંપ્રાપ્ત થાય છે.

**પ્રભુભક્ત**

## પ્રભુને પૂર્ણપ્રેમથી ચાહો

પ્રભુ સર્વથી અધિક નજીક છે તેમ સર્વ વહાલાથી અધિક વહાલા છે. જેમ લોભી માણસ ધનને ચાહે છે, તેમ તમે પ્રભુને ચાહો. જેમ ડૂબતો માણસ શ્વાસ લેવા ઝંખે છે, તેમ તમે પ્રભુ માટે અનુરક્તતા લાવી પ્રભુ માટે ઝંખશો, ત્યારે તેઓ તમારી સન્મુખ થશે.

પ્રભુપ્રેમને એવો વિકસાવો કે જેથી તમે પ્રભુમય બની ગયા છો એમ તમારાં નયનોની ભિનાશથી નીરખી શકાય. ત્યારે પ્રભુ મને ક્યારે મળશે? એ પ્રશ્ન હોતો નથી. ભક્ત તો એમ કહે છે કે, "મેં તેમને મેળવી લીધા છે. તેઓ મને સાંભળે છે. મારા પ્રેમાળ પ્રભુ હંમેશ મારી સાથે છે."

શ્રી યોગાનંદ પરમહંસ

## ચોવીસ કલાકની ઝૂરણા ધ્યેયની સિદ્ધિ આપે છે.

ભારતના સંત મહાત્માઓ એક અગત્યનો સિદ્ધાંત જણાવતાં કહે છે કે કોઈ પણ આદર્શરૂપ ધ્યેય માટેની તમારી અંતર ઝૂરણા એકધારી અખંડપણે ચોવીસ કલાક સુધી રહ્યા કરે તો તે ધ્યેય તત્કાળ સિદ્ધ થાય છે. પ્રભુદર્શન, આત્મ-સાક્ષાત્કાર, પૂર્વભવની સ્મૃતિ અને તેનું જ્ઞાન વગેરે ધ્યેયો તે જ પ્રકારની રીતથી સંસિદ્ધિ પામે છે.

પ્રભુભક્ત

## ઈશ્વર આપણા સૌમાં રહેલો છે.

ઈશ્વર અણછતી શક્તિ છે અને આંગળીના નખ માંસની જેટલા સમીપ છે તેના કરતાંયે તે આપણી વધારે સમીપ છે. આપણામાં અણછતી રીતે રહેલી અનેક શક્તિઓ છે અને એકધારી જહેમતથી જ આપણે ખોળી શકીએ છીએ. એ જ રીતે એ પરમ શક્તિને ખોળવાને માટે અટલ નિશ્ચયથી આપણે ખંતપૂર્વક ખોજ કરતા રહીએ તો આપણે તેને ખોળી શકીશું. ઈશ્વર આપણા સૌમાં રહેલો છે અને તેથી એક પણ અપવાદ વિના પ્રત્યેક મનુષ્ય સાથે આપણે એકરૂપ થઈ જવું જોઈએ.... પ્રેમ આપણને એકબીજા સાથે તેમ જ ઈશ્વર સાથે બાંધે છે.... આખા જગત પ્રત્યે પ્રેમ રાખતાં શીખવું, તેમાં ઈશ્વરની ઓળખ છે. જ્યાં પ્રેમ ત્યાં જ ક્ષેમ છે. જ્યાં વેર ત્યાં નાશ છે. અહિંસા અને પ્રેમ એક જ વસ્તુ છે.

મહાત્મા ગાંધીજી

## પ્રભુમાં અડગ શ્રદ્ધા ફળવતી થાય છે.

આ પૃથ્વી પર મારી પાસે કામ લેનારા મેં જે જે જાણ્યા છે તેમાંનો સૌથી કરડો અને સખતમાં સખત ધણી ઈશ્વર છે, તે તમારી પૂરેપૂરી તાવણી કરે છે. અને જ્યારે તમને લાગે કે તમારી શ્રદ્ધા ડગી જવાની અણી પર છે અથવા તમારું શરીર તૂટી જવાની અણી પર છે અને તમે છેક હારી જવાની અણી પર હો ત્યારે તે ગમે તે રીતે તમારી વહારે ધાય છે અને તમને ખાતરી કરાવી આપે છે કે તમારે શ્રદ્ધા ગુમાવવાની હોય નહીં અને ધા નાખો કે વહારે દોડી આવવાને તૈયાર ઊભો છે; તમારી વહાર જો કે તે તમારી નહીં પણ તેની પોતાની શરતે કરશે. આ મારો અનુભવ છે. છેક છેવટની ઘડીએ તેણે મને તરછોડ્યો હોય એવો એક પણ દાખલો મને યાદ આવતો નથી.

મહાત્મા ગાંધીજી

## પ્રભુનામસ્મરણથી ઈશ્વરની પ્રાપ્તિ થાય છે.

મુખથી રામનામ બોલવાથી અને ચિત્તને વિષયધ્યાનમાં જોડવાથી કાંઈ લાભ નથી. જયાં સુધી વાણીથી રામસ્મરણ અને મનથી રામના ધ્યાનનો સંયોગ થતો નથી, ત્યાં સુધી નામસ્મરણ પાખંડરૂપ છે. બન્નેના યોગથી થતાં નામસ્મરણથી તો સાક્ષાત્ ઈશ્વરની પ્રાપ્તિ થાય છે.

મહાત્મા એકનાથ

## રામનામનું અમૃત દુઃખ હરી લે છે

જેના મુખમાં રામ રમે છે, તેને તેથી વિશ્રાંતિ મળે છે. તે અખંડ આનંદસ્વરૂપ આનંદનો ભાગીદાર થાય છે. રામનામ વિના તો સર્વ સંશયજનક ને થાક દેનાર છે. નામ એ દુઃખને હરનાર પરમાત્માનું ધામ છે.

સમર્થ રામદાસ

## રામનામ હૃદયમાં અંકિત થાય તો નવું જીવન શરૂ થાય

આત્માની પુષ્ટિને સારુ શુદ્ધ વીર્યશક્તિની જરૂર છે. એને દિવ્ય શક્તિ કહીએ. એ શક્તિ બધી ઈન્દ્રિયોની શિથિલતા મટાડી શકે છે. તેથી કહ્યું છે કે રામનામ હૃદયમાં અંકિત થાય એટલે નવું જીવન શરૂ થાય.

રામનામનું ફળ મેળવવા તે જપતી વખતે તમારે તેમાં લીન થઈ જવું જોઈએ અને તમારા આખા જીવનવ્યવહારમાં તે દેખાવું જોઈએ.

મહાત્મા ગાંધીજી

## પ્રથમ આપો અને પછી મેળવો

હે પરમાત્મા ! એવું કરો કે હું આશ્વાસન મેળવવા નહિ, પણ આપવા ઇચ્છું; મને બધા સમજે એના કરતાં હું બધાને સમજવા ઇચ્છું; મને કોઈ પ્રેમ કરે એના કરતાં હું પોતે સર્વને પ્રેમ આપવા ચાહું. કેમકે (નિયમ છે કે) આપવાથી જ આપણે મેળવીએ છીએ. ક્ષમા આપવાથી ક્ષમા મળે છે; મૃત્યુને ભેટવાથી જ આપણને શાશ્વત અને અનંત જીવનની પ્રાપ્તિ થાય છે.

સંત ફ્રાન્સિસ

## પ્રભુના ઘરનો ન્યાય અદ્વિતીય છે

એ તો અટલ સિદ્ધાંત છે કે સુખ દેવાથી સુખ મળે છે, દુ:ખ દેવાથી દુ:ખ મળે છે; ધન દેવાથી ધન મળે છે; સેવા કરવાથી સેવા મળે છે; ગુણગ્રામ કરવાથી ગુણોની પ્રાપ્તિ થાય છે; જ્ઞાનદાન કરવાથી જ્ઞાન મળે છે, વધે છે; પ્રેમ કરવાથી પ્રેમ મળે છે; ભક્તિ કરવાથી મુક્તિ મળે છે. અહો, પ્રભુના ઘરનો ન્યાય કેવો અદ્‌ભુત, સત્યસ્વરૂપ ને અદ્વિતીય છે !

પ્રભુભક્ત

# પ્રસ્તાવના

આ પુસ્તકમાં દેશવિદેશના રૂડા મનુષ્યોએ પોતાની અગ્નિ-પરીક્ષા સમી મૃત્યુરૂપી આકરી કસોટીમાંથી પસાર થતાં પહેલાં ઉચ્ચારેલાં અંતિમ વચનોનો એક નાનકડો સંગ્રહ આપવામાં આવેલ છે. ધર્મશ્રદ્ધાવાન, ધર્મપ્રેમી, પ્રભુપ્રેમી, જિજ્ઞાસુ, જ્ઞાની, સંત, મહાત્મા, મુનિ, સાધુ, યોગી વગેરેનો સમાવેશ "રૂડા મનુષ્યો"ના શીર્ષક હેઠળ કરવામાં આવેલ છે. તેમજ આ અંતિમ ઉદ્ગારોનો સ્વીકાર કરવામાં કેટલીક જરૂરી મર્યાદા પણ રાખેલ છે; એક તો એ કે બોલાયેલા છેલ્લા શબ્દો તેમના મૃત્યુ પહેલાં સ્વમુખેથી સહજપણે નીકળેલા હોવા જોઈએ અને નહિ કે તે દર્દીના અંત સમયે કોઈએ ધર્મ પમાડવાના નિમિત્તો પ્રેરણા આપી 'ભગવાન', 'ઈશ્વર', 'પ્રભુ', વગેરે બોલાવેલ હોય અથવા નહિ કે તે અંતકાળના છેલ્લા દિવસે કે દિવસોમાં થયેલ વાતચીતરૂપ કે બોધરૂપ વચનો હોય. તે ઉપરાંત તે વચનો એકાંતે વ્યવહારદૃષ્ટિવાળાં નહિ પણ પરમાર્થદૃષ્ટિવાળાં, સૂચક તથા ઉપકારી હોવાં જોઈએ.

અંતિમ ઉદ્ગારોનો આ સંગ્રહ ઘણો નાનો છે. તેવાં બીજાં કેટલાંક વિશ્વસનીય વચનો છે અને જે અમારી જાણમાં પણ છે પરંતુ તે શબ્દો દેહાવસ્થાની અનારોગ્ય સ્થિતિ થઈ જવાને કારણે અમે વિસ્તારથી લખીને આપી શક્યા નથી, જેનો કોઈ અંશે ખેદ પણ રહે છે તેમ છતાં તે વચનો તથા બીજાં કેટલાંક વચનો પરિશિષ્ટમાં આપીને સંતોષ લઈએ છીએ.

જેમ સૂર્યાસ્ત પહેલાંની સંધ્યાના સમયે પશ્ચિમ ક્ષિતિજમાં એકાએક જુદા જુદા રંગોની સુંદરતાથી શોભતું વાદળનું નૈસર્ગિક દૃશ્ય ખડું થાય છે અને તે જોનારને પ્રિય અને મનોહર દીસે છે, તેમ પ્રેમાળ અને પવિત્ર હૃદયી મહાત્મા આદિ રૂડા મનુષ્યોના જીવનદીપ બુઝાતાં પહેલાં ક્યારેક ક્યારેક તેમનાં મુખમાંથી વિવિધ પ્રકારના આશયવાળા અને સુંદર ભાવોથી વિભૂષિત એવા શબ્દો અનાયાસે અને સાહજિકતાએ સહસા સરી પડે છે તથા તે વચનો સાંભળનારને અતિ પ્રિય, આકર્ષક અને બોધપ્રદ લાગે છે. ઘણું કરીને એ અંતિમ વચનો ટૂંકાં, થોડા જ શબ્દોમાં સમાવેશ પામતાં અને ભાવથી રસસભર હોય છે. તેમ છતાં કોઈક વેળાએ તેમનો કરુણાબુદ્ધિથી ઉપદેશહેતુ હોય છે ત્યારે અપવાદરૂપ લંબાણવાળાં વાક્યો તેઓ પ્રકાશિત કરે છે. એ તો નિર્વિવાદ અને સર્વમાન્ય વાત છે કે મહાત્માઓના સહજભાવે નીકળેલા હૃદયોદ્ગારો ઉજ્જવળ ભાવથી ભરપૂર હોઈ અત્યંત અસરકારક હોય છે અને તે ભાવના જે ચાહક તથા ગ્રાહક હોય, તેને તે વચનો તેના જીવનના વહેણને પલટાવનાર તથા સત્પથ પ્રત્યે વાળનાર બની જાય છે. ત્યાં કોઈ ચમત્કાર નથી કે જાદુ નથી, પરંતુ ઉદ્ગારોની ભીતરમાં જે અનુપમ આત્મશક્તિનો પ્રભાવ પ્રતિભા-રૂપ બનીને રહ્યો છે, તે જ તેના સ્નેહભર્યા ગ્રાહકને કલ્યાણ-કારી ફળને દેનાર થાય છે.

જીવનભરના અભ્યાસ અને અનુભવના નિચોડસમા એ અંતિમ ઉદ્ગારોનું મૂલ્યાંકન જેટલું કરીએ તેટલું ન્યૂન જ છે. એ ઉપકારી શબ્દોના પેટાળમાં રહેલા ભાવોની વિસ્મયતા

પમાડે એવી ગહનતાને લક્ષમાં લેતાં તેની જે કિંમત આંકીએ એ અવશ્ય ઓછી જ છે. એ વચનોના અર્થના ઊંડાણમાં જે તેજસ્વિતા છે તથા જે સૂચક ગંભીરતા છે, તે પ્રમાણિકપણે ધ્યાનમાં લેતાં અને સમજીને આચારમાં મૂકતાં ઉપયોગી તેમ ઉપકારી થાય છે. કેમકે તેથી તે રૂડાં વચનોના રૂડા ભાવ પ્રત્યે પોતાની અંદર બહુમાનનો સુખરૂપ ઉદય થાય છે અને તે તેને ભાવની સંસિદ્ધિ તરફ આનંદથી લઈ જાય છે. આ પ્રકારે રૂડા મનુષ્યોના આયુષ્ય અંતના છેલ્લા અવસરે પ્રકાશેલ છેલ્લા ઉદ્ગારોની ઉપયોગિતા અત્યંત મહત્ત્વવાળી ઠરતી હોવાથી એનું મૂલ્ય અમૂલ્ય બની જાય છે એમ કહેવામાં લેશ પણ અતિશયોક્તિ નથી એવું મંતવ્ય રહે છે.

પવિત્ર અધ્યાત્મજીવનના ઉત્કર્ષના હેતુરૂપ તથા તેની મધુરતા અને અમૃતાનુભવના કારણરૂપ એવો આ, રૂડા મનુષ્યોના દેહાંતની છેલ્લી ઘડીના અવસર પહેલાં નીકળેલાં અને અહીં એકત્રિત કરેલા અંતિમ ઉદ્ગારોનો નાનકડો સંગ્રહ ભવ્ય જિજ્ઞાસુઓના કરકમળમાં મૂકતાં અમારા હૃદયમાં વાસ્તવિક આનંદની લાગણી અનુભવાય છે. તેમાંથી નીતરતું પ્રેરણાબળ સર્વ વાંચકવૃંદને સ્વરૂપના હિતાર્થે લાભદાયી થશે એવી આશા રહે છે.

શાંતમૂર્તિ શાંતિપ્રભુ જગતના સર્વ જીવોને શાંતિમાં રાખો અને શાંતિ આપો, એ જ અભ્યર્થના

ભોગીલાલ ગિ. શેઠ
૩૪, મોરબી હાઉસ
ગોવા સ્ટ્રીટ, મુંબઈ, ૪૦૦૦૦૧
તા. ૨૩-૩-૧૯૮૧

# લેખકની જીવનઝરમર

શ્રી ભોગીલાલ ગિરધરલાલ શેઠ, પૂ. બાપુજીનો જન્મ સન્ ૧૯૦૯ના ઑકટોબરની ૨૧ તારીખે થયો હતો. બે વડીલ-બંધુ અને એક બહેન પછી કુટુંબમાં તેમનું આગમન થયું હતું. તેમનું બાળપણ સૌરાષ્ટ્રના મોરબી ગામમાં વીત્યું. તેમણે ચૌદ વર્ષની વયે માતા ગુમાવી. એ આઘાત તેઓ જીરવી ગયા અને અભ્યાસમાં વિશેષ લીન બન્યા. પુસ્તકો તેમના સાથીદાર વિશેષતાએ બન્યાં. મેટ્રિક સુધીનું તેમનું ભણતર મોરબીની વી. સી. હાઈસ્કુલમાં થયું. તેઓ ભણવામાં હોશિયાર અને ખંતીલા હતા. સાહિત્યવાચનનો શોખ આ વર્ષોથી કેળવાયો હતો. પોતાના અભ્યાસમાં કાળજી અને ચીવટ રાખતાં. એટલું જ નહિ પણ વર્ગના નબળા વિદ્યાર્થીઓને શીખવવામાં તેઓ સદાય તત્પર રહેતા.

સન્ ૧૯૨૭માં મેટ્રિક પાસ થયા પછી, મુંબઈની વિલ્સન કૉલેજમાં આર્ટ્સ વિભાગમાં જોડાયા અર્થશાસ્ત્ર બી. એ. માટે વિષય હોવા છતાં, અંગ્રેજી અને ગુજરાતી સાહિત્યના ઘણા ગ્રંથોનો અભ્યાસ આ ચાર વર્ષ દરમ્યાન તેમણે કર્યો હતો. અને એ દ્વારા બંને ભાષાઓ પર સારું પ્રભુત્વ તેઓ પામ્યા હતા. આ અભ્યાસકાળ દરમ્યાન ગ્રાંટરોડ પર આવેલી હીરાચંદ ગુમાનજી જૈન બોર્ડિંગમાં તેઓ રહેતા, અને પગપાળા વિલ્સન કૉલેજ જતા. દરરોજ સાંજે હેંગિંગ ગાર્ડન ચાલીને તેઓ ફરવા જતા. રમતગમતમાં ટેનીસ રમવાનો તેમને શોખ હતો. વળી રજાના દિવસોમાં તેઓ ધર્મવાંચન પણ કરતા. વસ્ત્રપરિધાનનો

શોખ બાળપણથી જ નહિ. અન્ય મોજશોખનાં સાધનો પ્રત્યે પણ પ્રીતિ નહિ. આથી જ્યારે સગવડતા હોય, આર્થિક નબળી સ્થિતિમાં, ત્યારે તેમનો પુસ્તકપ્રેમ આગળ આવી તેમને પુસ્તક ખરીદવામાં અને વાંચવામાં લીન બનાવતો. પુસ્તકની માવજત ખૂબ સુંદર રીતે કરતા. પુસ્તક જરા પણ જીર્ણ ન બને, ડાઘવાળું ન થાય તેની સતત કાળજી તેમને રહેતી. વારંવાર ઉપયોગ કરવા છતાં પુસ્તક નવા જેવું જ રહેતું. આ કાળજી તેમના જીવનના અંત સુધી જોવા મળી હતી. સન્ ૧૯૩૧માં તેઓ ગ્રેજ્યુએટ ( બી. એ. ) થયા. મરોડદાર અક્ષરો એ તેમની એક વિશેષતા હતી. સુંદર અક્ષરો કરવાની અને કરાવવાની તેમને ચાહના હતી.

ગ્રેજ્યુએટ થયા પછી ઇન્સ્ટ્રીયલ પ્રુડેન્શીયલ ઇન્સ્યુરન્સ કંપનીમાં રૂ. પચાસના માસિક પગારથી નોકરી શરૂ કરી. એ વખતે વડીલબંધુ પોતાના કુટુંબ સાથે મુંબઈમાં હતા, નાના બંધુ પોતાના કુટુંબ સાથે દિલ્હીમાં સ્થિર થયા હતા. બહેન સાસરે હતાં. પિતાશ્રી તેમની સાથે મુંબઈ હતા. સન્ ૧૯૩૩ના મે માસમાં તેમનાં લગ્ન સુશીલાબહેન સાથે થયાં. અને ગૃહસ્થ-જીવન વીતવા લાગ્યું. નોકરીના સમય બાદ અમુક સમય અધ્યાત્મવાંચન તથા સાહિત્યવાંચનમાં પસાર કરતાં. પરિણામે ભાષાજ્ઞાન અને શાસ્ત્રજ્ઞાનમાં વૃદ્ધિ થતી હતી. તેમને એકાંત વિશેષ પ્રિય હતું.

સન્ ૧૯૩૮ના અંતભાગમાં તેઓ પુત્રીના પિતા બન્યા. બાળકમાં તેમને સારો રસ હતો. અને બાળકીને સૂવડાવતી

વખતે તથા અન્ય પ્રસંગે ભક્તિપદો તથા વૈરાગ્યનાં પદો સંભળાવવામાં તેમને વિશેષ આનંદ આવતો. ૧૯૩૯માં નોકરી છોડી, મુંબઈ છોડયું, અને જન્મસ્થળ મોરબીમાં રહેવાનું તેમણે નક્કી કર્યું. પિતા અને કુટુંબ સાથે મોરબીમાં વસ્યા. ૧૯૪૨ના આરંભમાં તેમણે પિતાની છાયા ગુમાવી, અને અંતભાગમાં પુત્રની પ્રાપ્તિ થઈ. બે સંતાનો વચ્ચે તેમનો જીવનરસ વહેંચાયો. આ વર્ષોમાં આર્થિક ક્ષેત્રે રાજકોટના તેલબજારમાં તેઓ દલાલી કરતા. બાકીના સમયમાં જ્યોતિષવિદ્યાનો અભ્યાસ તથા અધ્યાત્મ-ગ્રંથોનું વાંચન તેઓ કરતાં. જ્યોતિષના ગ્રંથો વંચવા, વિચારવા અને મેળવેલા જ્ઞાનને આધારે જાતકની કુંડલી તપાસી તેના ભવિષ્યની આગાહી કરવી એ મુખ્ય શોખ બની ગયો. દિવસનો ઘણો ભાગ આ પ્રવૃત્તિમાં પસાર થતો. જ્યોતિષના ઊંડા અભ્યાસી બનતા ગયા, અને ઘણા બધા માટે ભવિષ્ય માટેની સાચી આગાહીઓ કરી. સાથે સાથે અધ્યાત્મગ્રંથોનું વાંચન વધવાને લીધે ખાવાપીવાના જાતજાતના સંયમના પ્રયોગો અને વ્રતનિયમ પણ આદરતા. વળતર વગરનો જ્યોતિષ-વિદ્યાનો શોખ પોષવા જતાં મૂળની નબળી આર્થિક સ્થિતિ વિશેષ નબળી થઈ. પરિણામે મુંબઈ જઈ નવી પ્રવૃત્તિ શરૂ કરવાના નિર્ણય પર તેઓ આવ્યા.

પોતે કરેલા નિર્ણય અનુસાર સન્ ૧૯૪૮ના એપ્રિલ માસમાં તેઓ મુંબઈ આવ્યા અને શૅરબ્રોકર તરીકેનું કામકાજ તેમણે શરૂ કર્યું. બજાર સિવાયનો તેમનો સમય બાળકોની કેળવણી, જ્યોતિષવિદ્યાનો અભ્યાસ તથા બજારની રુખ કાઢ-

વાના મનોમંથનમાં પસાર થતો. શેરોની મુખ્ય જાતોમાં જે વધઘટ થાય તેનો તેઓ ચાર્ટ દોરતા. અને ચાર્ટમાં જે જે આકૃતિઓ વધઘટના આધારે બને તેનો અભ્યાસ કરી ભાવિના થોડા કાળમાં તેજી થશે કે મંદી થશે તે નક્કી કરતા. આની સચોટ આગાહી કરવા માટેની કેટલીક ચાવીઓ જબરા મનો-મંથનને અંતે શોધી કાઢી હતી. એનો લાભ લઈ તેઓ શેરની લે-વેચ કરતા, બીજાને પણ તેમ કરવા પ્રેરણા કરતા. આમ સંસારી પ્રવૃત્તિઓમાં સને ૧૯૫૨ સુધીનો કાળ પસાર થયો. આ વર્ષો દરમિયાન પણ તેમને મોજશોખની ઇતરાજી હતી. સાદું, સરળ, સ્વચ્છ જીવન તેમને પસંદ હતું. તેમનું પ્રામાણિક-પણું ઘણું બળવાન હતું. કોઈ પણ નીતિવિરુદ્ધનું નાનું કામ કરવામાં પણ બળવાન ભીરુતા હતી. સ્વભાવની ખૂબ કડકાઈ હતી. તેમની ઇચ્છાનુસાર જ કુટુંબીજનોએ વર્તવું જોઈએ એવો આગ્રહ પણ હતો.

સને ૧૯૫૨માં તેમને એનિમિયા થયો, સાથે તાવ પણ આવતો હતો. પરિણામે તેમને એક મહિનો પથારીવશ રહેવું પડયું. આ ગાળા દરમ્યાન જૂનો ધર્મપ્રેમ આગળ આવતાં ધર્મગ્રંથોનું વાંચન વધ્યું. અન્ય ગ્રંથોના સાથમાં શ્રીમદ્ રાજ-ચંદ્ર પ્રણીત 'વચનામૃત' પણ તેમણે વાંચ્યું. એ વચનોએ તેમના આત્મા પર ખૂબ અસર કરી. સમ્યક્દર્શન પ્રગટ કરી આત્મકલ્યાણ કરી લેવાની તેમની ભાવના દૃઢ બની.

સમ્યક્દર્શન કેવી રીતે પ્રગટ થાય તેના સંશોધન અર્થે કૃપાળુ દેવનાં વચનોનો અભ્યાસ તેમણે વધાર્યો. તબિયત સારી

થયા પછી શેરબજારની પ્રવૃત્તિ તેમણે શરૂ કરી, પણ જે ફાજલ સમય જ્યોતિષવિદ્યાના આરાધન પાછળ વપરાતો હતો તે આત્મકલ્યાણનો માર્ગ મેળવવા અર્થે કૃપાળુ દેવના વચનામૃતના અભ્યાસ પાછળ વપરાવા લાગ્યો. વર્ષોથી કેળવેલી ટેવ કે જે વિષયમાં ચંચુપાત કરવો, તે વિષયના મૂળ સુધી પહોચવું, એ અહીં ખૂબ ઉપયોગી થઈ. એમની આત્મમાર્ગની સમજણ વધતી ગઈ. આ સમજણ વધતાં પોતાનાં ભાવો, કષાયો વગેરે પર સંયમ લેવા માટેનું આરાધન તેમણે શરૂ કર્યું.

સન ૧૯૫૭ થી થોડા સાથીદારો સાથે રાત્રે એક કલાક કૃપાળુ દેવનાં વચનોનું વાંચન નિયમિતપણે શરૂ કર્યું. દિવસના ભાગમાં પણ તેઓ અવકાશે એમાં જ મગ્ન રહેતા. બહાર જવાની, મિત્રોમાં ફરવાની, મોજશોખની વગેરે પ્રવૃત્તિ લગભગ નહિવત્ હતી. વાતચીત પણ અલ્પ કરતા. સામાન્ય રીતે કહીએ તો તેઓ પોતામાં ખોવાયેલા વિશેષ રહેતા. ધીમે ધીમે બજારની પ્રવૃત્તિ ઘટાડતા ગયા, નિવૃત્ત જીવન વધારતા ગયા. આ સમય દરમ્યાન "આત્મસિદ્ધિ શાસ્ત્ર"ની ગાથાઓની વિસ્તૃત સમજણ લખી, સન ૧૯૬૧ માં પ્રગટ કરી. અને ૧૯૬૬ થી આર્થિક સ્થિતિ સાંકડી હોવા છતાં પૂર્ણ નિવૃત્તિ સ્વીકારી. એ વર્ષમાં ઉચ્ચ અભ્યાસ અર્થે પુત્ર અમેરિકા ગયો. વળી બીજા સામાજિક ક્ષેત્રે અને કૌટુંબિક ક્ષેત્રે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેવી સ્થિતિ હતી. ચારેબાજુથી મુશ્કેલીઓનો ભીડો હતો. એમાં તવાઈ, શાંતિ ધારણ કરી, એમનો આત્મા વિકાસના પગથિયે આગળ વધ્યો. પ્રભુ પ્રત્યે પ્રેમ

તથા શ્રદ્ધા કેળવવાથી અને પ્રભુમાં અર્પણભાવ કરવાથી કઠણ સંજોગોમાં પણ સ્વસ્થતા રાખીને આત્મા કેવી રીતે પાર ઊતરે છે તેનો તેમને બરાબર અનુભવ થયો.

૧૯૬૭ માં પુત્રીના લગ્ન થયા તેના બીજા જ અઠવાડિયે રસ્તા પર અકસ્માત નડતાં સાથળના મૂળનું હાડકું ભાંગી ગયું મોટું ઑપરેશન થયું અને છ માસનો ખાટલો આવ્યો. એ સમય દરમ્યાન સારું એવું આત્મારાધન થયું. અને ઉપર જણાવેલા અનુભવનું બળવત્તરપણું થયું. આ અનુભવજ્ઞાન તેમણે તેમના સાગરીતોને ટુકડે ટુકડે સમજાવવું શરૂ કર્યું.

પરિણામે સન ૧૯૬૮ થી કેટલાક રૂડા આત્માઓએ તેમણે વિચારેલા આત્મમાર્ગનું આરાધન શરૂ કર્યું. આરાધકોએ કૃપાળુ દેવના જણાવ્યા અનુસારના ફેરફારો પોતાના જીવનમાં નોંધ્યા અને કૃપાળુ દેવ પ્રતિની શ્રદ્ધા દૃઢ કરી. બીજી બાજુ પોતાને અનુભવાયેલું પરિણામ બીજાના જીવનમાં પણ પ્રગટતું જોઈ પૂ. બાપુજીને ખૂબ ઉલ્લાસ આવ્યો, અને જે ઇચ્છે તેને માર્ગદર્શન આપવાની પ્રવૃત્તિ આદરી. સાથે સાથે પોતાના આત્માની પવિત્રતા અને શાંતિ વધારવાના પ્રયત્નો ચાલુ જ હતા. પરિણામે તેમની પ્રકૃતિમાં મહત્ત્વના ફેરફારો થતા ગયા. પ્રકૃતિ વિશેષ વિશેષ શાંત થતી ગઈ, અનેક ગુણો ખીલતા ગયા. તેમનું જીવન ધર્મપ્રધાન થઈ ગયું.

પ્રભુ પ્રતિની ભક્તિનું ફળ અનુભવવા મળ્યું હોવાથી, તેની જાણકારી બીજાઓને પણ મળે એ હેતુથી તેમણે 'ભક્તિ-માર્ગનું રહસ્ય' એ પુસ્તક તૈયાર કર્યું. અને સન ૧૯૭૦ માં

પ્રકાશિત કર્યું. એ જ વર્ષમાં પુત્રનાં લગ્ન થયાં. ૧૯૭૧ માં ૭ મહિના માટે તેઓ અમેરિકા ગયા. ત્યાંથી આવ્યા ત્યારે શ્વાસની બીમારી સાથે લાવ્યા. અંદરમાં શરદી લાગી જવાને કારણે ફેફસાં ઘસાવાની શરૂઆત થઈ. તેમ છતાં તેમની ધર્મ-પ્રવૃત્તિ–લેખનવાંચનની–યથાવત્ ચાલતી હતી. રાત્રિનું વાંચન નિયમિત થતું. ઉપરાંત શનિવારે બપોરના ૩ થી ૪ કૃપાળુ દેવનાં વચનોનો મર્મ ઉપસ્થિત ભાઈબહેનોને સમજાવતા. એ વખતે કેટલાક પારિભાષિક શબ્દોની સમજ લેવામાં નડતી મુશ્કેલીનો તેમને ખ્યાલ આવ્યો. આ શબ્દોની સમજણ જે રીતે કૃપાળુ દેવે આપી છે તેનું ટાંચણ કૃપાળુ દેવના શબ્દોમાં જ તેઓ કરતા ગયા. અને તેમાંથી "અધ્યાત્મ જ્ઞાનકોષ" તૈયાર થયો, જે તેમણે સન ૧૯૭૪ માં પ્રસિદ્ધ કર્યો.

સાથે સાથે અન્ય ગ્રંથોની ગર્ભિત તૈયારી થતી હતી. કૃપાળુ દેવના પોતાના આત્માને લગતાં જે વચનો, તેમણે લખેલા પત્રોમાં ઉપલબ્ધ થાય છે, તેટલાં જ ક્રમપૂર્વક વ્યવસ્થિત વાંચવામાં આવે તો જીવના વિકાસનો ક્રમ સમજવો સહેલો લાગે, એવી વિચારણા તેમના મનમાં ઉદ્ભવી. અને એ સાકાર કરતાં "અધ્યાત્મ જીવનગાથા" ગ્રંથ તૈયાર થયો. સાથે સાથે મોક્ષમાર્ગ પામવા માટેનો ક્રમ વચનામૃતના પત્રાંક ૧૭૨ માં પ્રગટ થયો જણાતાં તેની વિસ્તૃત સમજણ તેમણે "નિર્વાણ માર્ગનું રહસ્ય" એ કૃતિમાં પ્રગટ કરી. આ માર્ગની સમજણ સમાધિમરણ માટે, મુક્તિની નિશ્ચિંતતા માટે જરૂરી જણાતાં "સમાધિમરણ" નામક પુસ્તક તૈયાર કર્યું. આ ત્રણે સન

૧૯૭૭માં પ્રગટ થયાં. દરમ્યાન પોતાના જ વિકાસને કારણે ભક્તિમાર્ગની વિશેષ ઊંડી સમજણ લાધતાં "ભક્તિમાર્ગનું રહસ્ય" પુસ્તકને મઠારીને વિસ્તૃત કર્યું અને સન ૧૯૭૮માં પ્રગટ કર્યું.

સમયના વહેવા સાથે ફેફસાં ઘસાતાં ગયાં, શ્વાસની તકલીફ તેમને વધતી ગઈ. પરંતુ તેમની આધ્યાત્મિક પ્રવૃત્તિમાં મંદતાને બદલે વર્ધમાનતા થતી જતી હતી. જે કોઈ ભાઈ કે બહેન માર્ગદર્શન માટે આવે તેમને પ્રેમથી સમજાવવું અને અન્ય સમયમાં લેખનપ્રવૃત્તિ કરવાનો તેમનો ક્રમ રહેતો. શ્વાસને કારણે બોલવાની તકલીફ પડે તો પણ આગંતુકને નિરાશ કરતા નહિ. સન ૧૯૭૫ના ઓક્ટોબરમાં શ્વાસનો ઘણો જોરદાર હુમલો આવ્યો, જેના કારણે તેમનાં ફેફસાંને ઘણું નુકસાન થયું. પરિણામે થોડું બોલે તો પણ શ્વાસ ખૂબ વધી જતો. આથી તેમને બોલવાનું ફરજિયાત ઓછું કરવું પડયું. વાંચન બંધ કરવું પડયું, એકધારું બોલાતું નહિ તેથી. છતાં કોઈ આવ્યું હોય તો ટૂંકાણમાં ઘણું કહી દેતા, આવનારને સમાધાન આપતા. બીજી બાજુ લેખનપ્રવૃત્તિ વધી. જે કંઇ દર્શાવવાની ઇચ્છા હતી તે લેખન દ્વારા પૂર્ણ કરવાના ભાવ કર્યા. પરિણામે ૭૭–૭૮ની સાલમાં લખાણ વિશેષ પ્રગટ થયું

પ્રભુને આ પણ મંજૂર નહિ હોય તેથી બંને આંખે મોતિયા ઝડપથી પકવા લાગ્યા. એટલે લખવા. વાંચવાની પ્રવૃત્તિ ઘણી મંદ કરવી પડી. પણ અંતરંગ પુરુષાર્થને કારણે આંતરિક વિકાસમાં ખૂબ વધારો થયો હતો. તેથી પ્રવર્તમાન

પરિસ્થિતિનો જરાય શોક તેમના ચહેરા પર દેખાતો નહિ. તેમના ચહેરા પર તો સદાય શાંતિ, તેજ અને પ્રસન્નતા જ સહુને જોવા અને અનુભવવા મળતાં. પરિણામે તેઓ ન બોલી શકે તેવી પરિસ્થિતિમાં પણ આવનારને તેમની પાસે શાંતિથી બેસવામાં પણ ઘણો આનંદ પ્રાપ્ત થતો. તેમને બોલ્યા-ચાલ્યા કે વાંચ્યા વિના સતત પથારીમાં રહેવું પડતું તેનો કંટાળો કોઈએ જોયો નહોતો એટલું જ નહિ, આત્માના અનુ-ભવના આનંદની છાયા સદાય ચહેરા પર રમ્યા કરતી જોવાતી.

સન ૧૯૮૦ માં એક આંખનો મોતિયો સારી રીતે ઊતરી જતાં લેખનપ્રવૃત્તિ શરૂ થઈ. "જાતિસ્મૃતિજ્ઞાન", "ઋણા-નુબંધ", "પ્રેમ અને પૂર્ણતા" વગેરે લઘુપુસ્તિકાઓ તૈયાર કરી અને સન ૧૯૮૦ માં પ્રગટ કરી. પછી થોડા વધુ નિબંધો રચી, આ બધા એકત્રિત કરી સન ૧૯૮૧ માં "આધ્યાત્મિક નિબંધો" નામનો ગ્રંથ પ્રગટ કર્યો. જીવનના અંતકાળે કયા પ્રકારે વર્તવું યોગ્ય છે તેનું સૂચન કરનાર પુસ્તિકા "છેલ્લી ઘડીના અવસરે" પણ ૧૯૮૧ માં પ્રગટ થઈ અને "રૂડા પુરૂષોના અંતિમ ઉદ્ગારો" આ વર્ષમાં તૈયાર કર્યું.

આ પુસ્તક છપાઈ માટે જાય તે પહેલાં મે ૧૯૮૧માં તેમની બીજી આંખમાં મોતિયાનું ઓપરેશન થયું. પહેલો દોઢ મહિનો ઠીક પસાર થયો, પણ પછીથી એ આંખમાં ઝામરની તકલીફ થઈ. આ તકલીફ વધતી ગઈ. ઉપચારો કરવા જતાં ૨૦ જુલાઈ ૧૯૮૧ના દિવસે શ્વાસનો ભયંકર હુમલો આવ્યો. આંખની પીડા સાથે આ ભયંકર પીડાએ સહીપણા કર્યા. સૂઈ

પણ ન શકાય અને બેસી પણ ન શકાય એવી સ્થિતિ બે દિવસ અને બે રાત રહી. ડૉક્ટરોના બધા જ ઉપાયો વ્યર્થ જતા હતા. ૨૨ જુલાઈ ૧૯૮૧ના બપોરના ત્રણ વાગ્યા સુધી તેઓ પાંચ મિનિટ સૂએ તો ત્રણ મિનિટ બેસે એવી રીતે રહ્યા હતા. આવી સ્થિતિમાં પણ તેમના ચહેરા પર શાંતિ જણાતી હતી બધાની મૂંઝવણ વધતી જતી હતી. તેમને શાંતિ થાય, શ્વાસની હાંફમાં રાહત થાય તેનો ઉપાય મળતો ન હતો. પરંતુ બાહ્ય સ્થિતિ પર વિજય મેળવવાનો એમનો અંતરંગ પુરુષાર્થ સતત ચાલુ હતો. ૨૨મીએ બપોરે ત્રણ વાગે તે પુરુષાર્થ પ્રગટ થયો. તેઓ હાથપગ સીધા કરી, સવળા સૂતા. હાથ-પગનું હલનચલન પણ બંધ કર્યું અને શ્વાસના હુમલા પર પણ જય મેળવતા ગયા. દોઢ-બે કલાકે બે-ત્રણ ચમચી પાણી લેવા સિવાયની કોઈ પણ ક્રિયા તેમણે દેહ દ્વારા કરી ન હતી. તે વખતે ચહેરા પર અવર્ણનીય શાંતિ અને તેજ વધતાં જતાં હતાં. શરીરના વ્યાધિઓથી પર બની આત્મા સ્વમાં રમતો હોય ત્યારે કેવી સ્થિતિ હોય તેનું તાદૃશ ચિત્ર ખડું થતું હતું. આ સ્થિતિ રાતના સવા આઠ સુધી, તેમના દેહત્યાગના સમય સુધી રહી. છેલ્લી ક્ષણે પણ દેહ અને આત્મા છૂટા પડવાની કોઈ નિશાની આવી નહિ. આંખે, નાકે, મોઢે પાણી કે બીજી પણ નિશાની નહિ. છેલ્લી ક્ષણ સુધી પૂર્ણ શુદ્ધિ અને આત્મચિંતન હતાં. આત્મા ગયા પછી પણ દેહમાંથી સતત તેજના ફુવારા છૂટતા હતા અને આખા ઓરડાને ભરી દેતા હતા. આ સહુ જોનારાને તાજ્જુબ કરી દેતા હતા. ઉચ્ચ સમાધિમરણમાં આત્મા અને દેહની વ્યથાભરી પળોમાં પણ,

કેવી સ્થિતિ હોય તેનું લક્ષ સહુ ઉપસ્થિત જીવોને પ્રાપ્ત થયું. આત્મલક્ષે જીવન વિતાવી, પવિત્રતાની કેડીએ આગળ વધી તેમનો આત્મા સ્વર્ગમાં સંચર્યો.

પૂ. બાપુજીએ તૈયાર કરેલ અંતિમ પુસ્તક "રૂડા પુરુષોનાં અંતિમ ઉદ્દગારો"ની સાથે તેમના જીવનની ઝરમર સુજ્ઞ વાચકો સમક્ષ રજૂ કરતાં આનંદ વર્તે છે અને પ્રભુને પ્રાર્થના થાય છે કે સહુ જીવો આત્મલક્ષે જીવન વિતાવી મુક્તિના સુખને પ્રાપ્ત કરો.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

તા. ૨૧-૧૦-૮૫

# પ્રાસ્તવિક

શ્રી શ્રેયસ પ્રચારક સભા તરફથી આ બીજો ગ્રંથ પ્રકાશિત કરતાં અમને આનંદ થાય છે.

પહેલો ગ્રંથ "આધ્યાત્મિક નિબંધો" (ભોગિલાલ શેઠ. લિખિત) સન ૧૯૮૧ માં પ્રકાશિત થયેલ. ત્યાર પછી આ સભા તરફથી કેટલાક ગ્રંથોના પુર્નમુદ્રણ પ્રકાશિત થયાં હતાં. "જ્ઞાનાંજન" (પદસંગ્રહ) સન ૧૯૮૪ માં પ્રકાશિત થયેલ હતો.

હવે "રૂડા મનુષ્યોના અંતિમ ઉદ્ગારો" પ્રગટ થાય છે જે સન ૧૯૮૧ માં તૈયાર થયું હતું.

આ ગ્રંથના તથા "જ્ઞાનાંજન"(પદસંગ્રહ)ના કાગળ છપાઈ, બાઈન્ડિંગ વ.નો તમામ ખર્ચ ભગવાનલાલ કપુરચંદ તથા શ્રીમતિ જયાકુંવર ભગવાનલાલ મોદી ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી આપવામાં આવેલ છે તે બદલ શ્રી શ્રેયસ પ્રચારક સભા તેમનો હાર્દિક આભાર માને છે.

આ ગ્રંથનું છપાઈકામ, પ્રુફરીડિંગ તથા બાઈન્ડિંગનું બધું કામ ઘણી જ ઝીણવટથી તથા કાળજીપૂર્વક મે. પ્રિન્ટવેલના શ્રી નવનીતભાઈ અ. શેઠે કરી આપેલ છે તેમજ ટૂંક સમયમાં તૈયાર કરી આપવા બદલ અમે તેમના આભારી છીએ.

**શ્રેયસ પ્રચારક સભાના ટ્રસ્ટીઓ**

# અનુક્રમણિકા

## વિભાગ પહેલો


| | | |
|---|---|---|
| ૧. | આચાર્ય રામાનુજ | ૧ |
| ૨. | ગુરુ નાનક | ૭ |
| ૩. | સંત તુલસીદાસ | ૧૩ |
| ૪. | સંત મલૂકદાસ | ૨૨ |
| ૫. | સંત સમર્થ રામદાસ | ૨૮ |
| ૬. | સંત મહાત્મા વનખંડી | ૩૪ |
| ૭. | સંત દયારામભાઈ | ૩૯ |
| ૮. | દયાનંદ સરસ્વતી | ૪૮ |
| ૯. | રામકૃષ્ણ પરમહંસ | ૫૪ |
| ૧૦. | શ્રી અઘોરનાથ ચટ્ટોપાધ્યાય | ૬૦ |
| ૧૧. | ધર્માનુરાગી માણેક મા | ૬૬ |
| ૧૨. | શ્રી રવીન્દ્રનાથ ટાગોર | ૭૧ |
| ૧૩. | શ્રીમદ્ રાજચંદ્ર | ૭૮ |
| ૧૪. | શ્રી સૌભાગ્યભાઈ | ૮૩ |
| ૧૫. | શ્રી ટોકરશીભાઈ | ૮૮ |
| ૧૬. | મુનિશ્રી લઘુરાજ સ્વામી | ૯૦ |
| ૧૭. | ચિરૌંજાબાઈ (બાઈજી) | ૯૬ |
| ૧૮. | પાપીમાંથી પુણ્યશાળી બનેલી ભગવતી દ્રૌપદી | ૧૦૧ |
| ૧૯. | મહાત્મા ગાંધી | ૧૦૮ |
| ૨૦. | સ્વામી રામતીર્થ | ૧૧૫ |

૨૧. મુનિશ્રી બુદ્ધિસાગરજી ૧૨૨
૨૨. શ્રી બુધ્ધિધનભાઈ વૈદ્યરાજ ૧૨૮
૨૩. હરિ ૐ શ્રી મોટા ૧૩૧

## વિભાગ બીજો

૨૪. મહાત્મા સોક્રેટીસ ૧૪૧
૨૫. સંત જિસસ ક્રાઈસ્ટ ૧૫૦
૨૬. સંત ફ્રાન્સિસ ઓવ આસિસી ૧૫૬
૨૭. સંત જ્હોન ઓફ ધી ક્રોસ ૧૬૨
૨૮. જેકબ બેહમે ( Jacob Bochme ) ૧૬૬
૨૯. વિલિયમ બ્લેઇક ૧૬૯
૩૦. જ્હોન કીટ્સ ૧૭૩
૩૧. ગેટે ( Goethe ) ૧૮૦
૩૨. પ્રભુપ્રેમી મેરી બેકર એડી ૧૮૫
૩૩. મહાત્મા ટોલ્સટોય ૧૯૧
૩૪. પ્રભુભક્ત થેરેસે માર્ટિન ૨૦૪
૩૫. પરિશિષ્ટ ૧ ૨૧૩
૩૬. પરિશિષ્ટ ૨ ૨૩૬

## અન્ય આધ્યાત્મિક પ્રકાશનો

આત્મસિદ્ધિ શાસ્ત્ર — વિવેચક ભોગીલાલ ગિ. શેઠ

ભક્તિમાર્ગનું રહસ્ય — લેખક ભોગીલાલ ગિ. શેઠ

ઋણાનુબંધ — લેખક ભોગીલાલ ગિ. શેઠ

જાતિ સ્મૃતિજ્ઞાન — લેખક ભોગીલાલ ગિ. શેઠ

નિર્વાણમાર્ગનું રહસ્ય — વિવેચક ભોગીલાલ ગિ. શેઠ

સમાધિ મરણ– — લેખક-સંપાદક ભોગીલાલ ગિ. શેઠ

શ્રીમદ્ રાજચંદ્ર અધ્યાત્મ જ્ઞાનકોષ
સંપાદક ભોગીલાલ ગિ. શેઠ

શ્રીમદ્ રાજચંદ્ર અધ્યાત્મ જીવનગાથા
ટિપ્પણ લખનાર ભોગીલાલ ગિ. શેઠ

આધ્યાત્મિક નિબંધો — લેખક ભોગીલાલ ગિ. શેઠ

શ્રીમદ્‌ની જીવનસિદ્ધિ — લેખિકા ડૉ. સરયુબેન આર. મહેતા

શ્રી ભક્તામર સ્તોત્ર
વિવેચન લખનાર ડૉ. સરયુબેન આર. મહેતા

શ્રી કલ્યાણ મંદિર સ્તોત્ર વિવેચક ડૉ. સરયુબેન આર. મહેતા

શ્રીમદ્‌ની સિદ્ધપદ ભાવના લેખિકા ડૉ. સરયુબેન આર. મહેતા

જ્ઞાનાંજન (પદસંગ્રહ)

**નોંધ :**

૧. અધ્યાત્મપ્રેમીઓના લાભાર્થે બધાં પુસ્તકો પડતર કિંમત કરતાં ખૂબ જ ઓછા ભાવે વેચવામાં આવે છે. શક્તિશાળી પૂરી કિંમત આપે તો તે સ્વીકાર્ય છે.

૨. બધાં પુસ્તકોનું છાપકામ સ્વચ્છ હોય છે અને તેનું બાઈન્ડીંગ ડીલક્ષ હોય છે.

૩. પુસ્તકો જિજ્ઞાસુઓની પ્રિયતા જલદીથી મેળવી લેતા હોવાથી તેનો સ્ટોક વહેલો ખલાસ થઈ જાય છે માટે સીલકમાં હશે ત્યાં સુધી મળી શકશે.

પુસ્તકો મળવા માટેનું હંમેશનું પ્રાપ્તિસ્થાન

**એ. એમ. મહેતા એન્ડ કં.**

શરફ મેન્શન, બીજે માળે,
૩૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦ ૦૦૨
ફોન : ૩૧૩૯૮૭